# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

: - ૦૨૬૧-૨૬૬૨૯૦૩ suratdeo@gmail.com

Fax no: - ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web:-www.suratdeo.org


ક્રમાંક:મા-૬/૨૦૨૪/ 6657 તા.૦૧/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક શાળાઓ (સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ શાળાઓ) તમામ
સુરત મહાનગરપાલિકા વિસ્તાર, સુરત

વિષય – પરિવહન માર્ગ સલામતી તાલીમ બાબત
સંદર્ભ – ૧ . પ્રા.વા.વ્ય.કચેરી, સુરતનો તા.૨૯/૦૫/૨૦૨૪નો પત્ર
૨.પોલીસ અધિક્ષકશ્રીની કચેરીની તા.૩૦/૦૫/૨૦૨૪ની મીટીંગમાં મળેલ મૌખિક સુચના અન્વયે
૩.વાહન વ્યવહાર કમિશ્નર કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રોડસેફટી/સ્કુલવાન માર્ગ સલામતી/૨૮૮૬ તા.૩૦/૦૫/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળ આવતી તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક શાળાઓ (સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ) શાળાઓના આચાર્યશ્રીઓને સુરત શહેર ટ્રાફિક શાખા અને આર.ટી.ઓ. કચેરી, સુરત દ્વારા પરિવહન માર્ગ સલામતી અંગે નીચે દર્શાવેલ તારીખ અને સમયે તાલીમનું આયોજન કરેલ છે. જેમાં શાળાના આચાર્યશ્રી એ અચૂકપણે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| તારીખ અને સ્થળ | એસ.વી.એસ | સમય |
|---|---|---|
| ૦૩/૦૬/૨૦૨૪<br>વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી કન્વેન્શન હોલ ઉધના-મગદલ્લા રોડ, સુરત | ૧ થી ૧૧ | સવારે ૧૦.૦૦ કલાકે |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

**નકલ સવિનય રવાના જાણ સારૂ**

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, , ગાંધીનગર
- પોલીસ અધિક્ષકની કચેરી, અઠવાલાઈન્સ, સુરત
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર
- પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, સુરત

Scanned with CamScanner

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,
સુરત(પાલ), અન્નપુર્ણા માતાજીના મંદિરની બાજુમાં,
પાલ હજીરા રોડ, ફોન નં – ૦૨૬૧ – ૨૯૭૭૧૯૧,
email : rtosurat05@yahoo.in

નં. રોડ સેફટી/ મિટિંગ/આયોજન/સુરત/ઓન/૨૫૯૯ તા-૨૯/૦૫/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
૩ જો માળ,જિલ્લા સેવા સદન-૨,
બ્લોક-A,સુરત ડુમસ રોડ,
અઠવા લાઇન્સ,સુરત-૩૯૫૦૦૧

વિષય :- સ્કુલના બાળકોને લાવવા લઈ જવાના પરિવાહનમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા બાબત. .

સંદર્ભ:- (૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ની કચેરીનો પત્ર ક્રમાંક:/એસ.એસ.એ./એ.એસ/૨૦૧૪/૨૩૭૯૬-૮૨૫ તા-૧૯/૦૭/૨૦૧૪

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી નો પત્ર ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/૫૦૮૫ તા-૧૧/૧૦/૨૦૧૭

ઉપરોક્ત વિષયે આપ સાહેબશ્રીને જણાવવાનું કે બાળકોને ટ્રાન્સ્પોર્ટેશનની સુવિધા પુરી પાડવા સંદર્ભ દર્શિત પત્રથી સૂચના આપવામાં આવેલ છે. શાળાએ બાળકોને લાવવા લઇ જવા વપરાતી સ્કુલ બસ તથા સ્કુલ વર્ધીની વાન તથા બાળકોને ટ્રાન્સ્પોર્ટેશનની સુવિધા પુરી પડતા વાહનો માં થતાં પરિવહનમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા અને બાળકોની સલામતી જળવાઈ રહે તે માટે શૈક્ષણિક સત્રની શરૂઆત થાય તે પહેલા સરકારી,અર્ધ સરકારી તથા ખાનગી શાળા,કોલેજોના મુખ્ય શિક્ષક તથા તેમને સમકક્ષ અધિકારીઓને બાળકોની સુરક્ષા તથા સલામતી બાબતે માર્ગ દર્શન આપવાનુ થાય છે. જેથી આપની કક્ષાએથી મિટિંગનું આયોજન કરવાનું હોય મિટિંગ માટે સ્થળ,સમય અને તારીખ નક્કી કરી અત્રેની કચેરીને જાણ કરવું. જેથી અત્રેની કચેરીના મોટર વ્હીકલ એક્ટના જાણકાર અધિકારીશ્રી દ્વારા મુખ્ય શિક્ષક તથા તેમને સમકક્ષ અધિકારીઓને ઉપરોક્ત બાબત અંગેનું માર્ગદર્શન આપી શકાય. જે આપ સાહેબને જાણ થવા સારૂ.

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી
સુરત (પાલ)

બિડાણ :-(૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ની કચેરીનો પત્ર
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી નો પત્ર

CamScanner

નકલ સવિનય સાદર રવાના :-

(૧) મે. જીલ્લા કલેકટર સાહેબશ્રી આઠવાલાઇન્સ,સુરત તરફ જાણ થવા સારૂ.

(૨) મે.ખાસ ફરજ પરના અધિકારીશ્રી, વાહન વ્યવહાર કમિશ્નરશ્રી કચેરી,ગુજરાત રાજ્ય ગાંધીનગરને જાણ સારૂ

CamScanner

30


સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી
ગુજરાત કાઉન્સીલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ફોન : 079-23243133
ફેક્સ : 079-23232436
હેલ્પલાઈન નં. : 1800-233-7965
ઈમેઈલ : dpepgujarat@yahoo.com
વેબસાઈટ : www.ssamgujarat.org

મુકેશ કુમાર, IAS
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,એસએસએ,અને
કમિશનર, પ્રાથમિક શિક્ષણ અને MDM


ક્રમાંક: એસએસએ/એએસ/૨૦૧૪/ ૨૩૫૯૬–૮૨૫

તા.૧૯/૭/૨૦૧૪

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લા શિક્ષણ સમિતિ, જિ. તમામ
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : વર્ષ ૨૦૧૪–૧૫માં બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા બાબતની સૂચનાઓ..**

**સંદર્ભ : અત્રેની કચેરીના પત્રક્રમાંક:**
(૧) એસએસએ/[illegible]/૨૦૧૪/૧૪૧૬૬–૧૯૫ તા.[illegible]/૨૦૧૪
(૨) એસએસએ/એએસ/૨૦૧૪/૧૬૬૫૬–૬૮૬ તા.૨૯/૫/૨૦૧૪

અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રોથી જિલ્લા અને કોર્પોરેશનને વર્ષ ૨૦૧૪–૧૫માં અંદાજપત્ર મુજબ જિલ્લા અને કોર્પોરેશનને મળેલ દરખાસ્ત મુજબ એસએમસી મારફત બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પુરી પાડવા માટે સુચના આપવામાં આવેલ છે. ટ્રાન્સપોર્ટેશનની સુવિધા માટે નીચેની સુચનાઓને ધ્યાને લેવાની રહેશે અને તેનું ચુસ્તપણે પાલન થાય તેની કાળજી લેવાની રહેશે.

- ટ્રાન્સપોર્ટેશન માટે નક્કી કરેલ વાહન કોમર્શિયલ (પેસેન્જર) આરટીઓ માન્ય વાહન તરીકે નોંધાયેલ બંધ બોડીનું હોવું જોઈશે.
- ટ્રાન્સપોર્ટેશન માટે આ વાહનનો ચાલુ વર્ષનો ફુલ વીમો હોવો જોઈએ. જેની નકલ એસએમસીમાં રાખવાની રહેશે.
- વાહન પર એસએસએના લાગો ફરજીયાત સરળતાથી વાંચી શકાય તે રીતે લગાવવાનો રહેશે.
- ટ્રાન્સપોર્ટેશન માટેના વાહનમાં કેટલા બાળકોને બેસાડી શકાય, તેની વિગતો, સંખ્યાની વિગતો, વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજયના પરિપત્ર ક્રમાંક ૧૨૪૦ તા. ૩.૩.૨૦૦૬ પ્રમાણે ચકાસી તેટલા જ બાળકો બેસાડવાની કાળજી શાળાના મુખ્ય શિક્ષક, લાભાર્થી બાળકોના વર્ગશિક્ષકે રાખવી.
- બાળકોને જે તે પોકેટ એરિયા/ઘરની બિલકુલ નજીકની જગ્યાએથી જ પીકઅપ કરવા.
- ટ્રાન્સપોર્ટેશન માટેનું વાહન જે તે શાળાએ માત્ર એક જ ફેરો કરી શકશે.
- [illegible] સીટ ઉપરાંત કોઈપણ બાળકને બેસાડી શકાશે નહી.

- વાહ[illegible] ૨૦ કિ.મી. ક[illegible] [illegible] ઝડપે [illegible]ાવી શકાશે નહી.
- વાહનમાં બાળકોના દફતરો ડાબી કે જમણી બાજુએ બહાર લટકાવી શકાશે નહી.
- બાળકોને આપવામાં આવતી ટ્રાન્સપોર્ટેશન સુવિધા દરમ્યાન આકસ્મિક કોઈ દુર્ઘટના કે જાનહાનિ થાય તો આ અંગેની કોઈપણ જવાબદારી શાળા કે એસએસએ કચેરીની રહેશે નહી. વાલી કોઈપણ પ્રકારના વળતરની માગણી કરી શકશે નહી તેવી લાભ લેનાર તમામ બાળકોના વાલીઓની બાંહેધરી ફરજિયાત લેવાની રહેશે.
- ડ્રાયવરે કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ચલાવવું નહી. ( કોઈપણ પ્રકારનો નશો કરતો નથી તેવુ લેખીત પ્રમાણ પત્ર લેવુ.)
- વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત રાખવાની રહેશે.
- શાળા કક્ષાએ વાહન ચાલક અને વાહનની વીગતો(આર.સી.બુકની નકલ, ડ્રાયવરના લાઈસન્સની નકલ, મોબાઈલનંબર ) રાખવાના રહેશે.
- ડ્રાઈવરનુ પોલીસ વેરીફીકેસન ફરજીયાત એક માસની મર્યાદામા કરાવવાનું રહેશે
- ટ્રાન્સપોર્ટેશન માટે ચુકવણું નિયમિતતાના આધારે એસ.એમ.સી દવારા જ થવુ જોઈએ.
- વાહન ચાલક પાસે લાભ લેનાર બાળકોની નામ સરનામાવાળી યાદી હોવી જોઈએ
- યોજનાનો લાભ લેતા બાળકો સરકારની અન્ય સમાન પ્રકારની યોજનાઓ (સાઈકલ,બસપાસ,રોકડ એલાઉન્સ,ફ્રી–પાસ)નુ ડુપ્લીકેસન ન થાય તે એસ.એમ.સી એ ખરાઈકરીનેજ ટ્રાન્સપોર્ટનો નિયમાનુસાર લાભ આપવાનો રહેશે.

(મુકેશ કુમાર)

નકલ રવાના જરૂરી કાર્યવાહી અને સંબંધિતોને જાણ કરવા સારું.
રીસોર્સ પર્સન – એએસ, એસએસએ, જિ. તમામ અને મહાનગરપાલિકાઃ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત

CamScanner

ક્રમાંક:પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/ ૫૦૮૫

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન
ગુ.રા.ગાંધીનગર, તા. ૧૧/૧૦/૧૭

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમાંમ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા School Safety Policy 2016ના અમલ બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક પ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/૪૫૦૦-૪૫૪૭/ તા.૨૧/૦૯/૨૦૧૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રજિસ્ટર્ડ તમામ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સલામતી માટે ધી નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા-૨૦૦૫માં સલામત શાળાનું બિલ્ડીંગનું બાંધકામ અને નામ.સુપ્રિમકોર્ટે રીટ પીટીશન (સીવીલ)નં.૪૮૩/૨૦૦૪માં તા.૧૪/૦૮/૨૦૧૭ના રોજ આપેલ ચુકાદા અનુસાર કાર્યવાહી થાય, શાળા સલામતી માટે લેવાતા પગલાં તેમજ શાળાના બિલ્ડીંગનું સ્પીશીફીકેશન, તેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ વગેરે સુચનાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

તાજેતરમાં કેટલાક રાજ્યમાં બાળકોની સલામતી જોખમાઈ હોય તેવા બનાવ બન્યા છે. તે સંદર્ભે આપનું ધ્યાન રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે. શાળાનું વાતાવરણ બાળકોને શિક્ષણમાં મદદરૂપ થાય, બાળકોનો સર્વાંગી વિકાસ થાય, બાળકોની સલામતી જળવાય અને તેઓને તે બાબતનો અહેસાસ થાય તે જોવાની પ્રત્યેક શાળાની ફરજ છે. આ સંદર્ભમાં શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૩/૦૯/૨૦૧૭ના પત્રથી પણ સૂચનાઓ આપવામાં આવેલ છે.

નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ શાળામાં ભણતા બાળકોની સલામતી જાળવવા અંગે આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન તમામ શાળાઓએ કરવાનું રહે છે. સલામતીના પગલામાં સહેજ પણ ચૂક ન થાય તેમજ કોઈપણ ક્ષતિ ન રહે તે બાબતે ચોકસાઈ રાખવા તમામને વિનંતી કરવામાં આવે છે.

બાળકોની સલામતી માટે નીચે મુજબની કાર્યવાહી શાળા સંચાલકો/આચાર્યશ્રીઓએ તાત્કાલિક ધોરણથી સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧) શાળા સંકુલ/ સ્કુલ કર્મચારીઓનું વેરીફીકેશન સંબંધિત પોલીસ સ્ટેશન પાસે કરાવવાનું રહેશે.

(૨) તમામ સ્ટાફના વિચારોનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરાવવું. જેમાં નોન ટીચીંગ સ્ટાફ, ડ્રાઈવર, કંડકટર, પટાવાળા, માળી અને સુરક્ષા કર્મચારીઓને પણ આવરી લેવા અને તેઓના નામ-સરનામાં અને ફોટા સાથે ડેટાબેઝ રાખવો. શિક્ષકો સહિત સ્કુલમાં કામ કરતા તમામને આઈકાર્ડ આપવા.જે ફરજિયાત સાથે લટકાવીને રાખવા.

D/Sagar/ખ-૨

CS CamScanner

(૩) બાળકોની સાથે સારો વ્યવહાર કરવા માટેની તાલીમ શિક્ષકો, વહીવટી સ્ટાફ તથા તેઓનું ટ્રાન્સપોર્ટેશન કરતા વાહનના કર્મચારીઓને આપવાની રહેશે. જેની જવાબદારી શાળાના આચાર્યની અને સંચાલકની રહેશે.

(૪) શાળામાં સ્કૂલ બસ દ્વારા અન્ય દ્વારા આવતા બાળકોની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. શાળા છૂટયા બાદ બાળકોની ગણતરી કરીને વાહનમાં બેસાડવા તથા વાલીએ સમયસર હાજર કરીને બાળકોને સ્વીકારવા. જો વાલી સમયસર બાળકને લેવા આવશે નહિ તો વાલીની બેદરકારી ગણાશે. તે જ રીતે બાળકો શાળાએ સમયસર પહોંચે તે માટે વાલીએ સલામત રીતે બાળકને સ્કૂલ બસ કે જે તે વાહનમાં બેસાડવા. રસ્તામાં બસ/વાહન બગડે તો ડ્રાઈવરે બાળકોને છૂટા મુકવા નહિ. શાળામાં બાળકોને સલામત રીતે પહોંચાડયા બાદ શાળાના જવાબદાર કર્મચારીને બાળકોની ગણતરી કરીને આપવા. આ માટે ડ્રાઈવર, વાલીને વગેરે ખાસ તાલીમ આપવી રીસેસ દરમિયાન કોઈઇ પણ બાળક શાળા બહાર જાય નહિ તેવી તકેદારી રાખવી. માતા-પિતા અથવા માતા-પિતાના અધિકૃત પત્રથી શાળાએ ખરાઈ કરી બાળકને ચાલુ શાળાએ રજા આપવી. શાળામાં આવતા બાળકોને લાવવા-લઈ જતા વાહનો જેવા કે રિક્ષા કે વાનમાં વધુ સંખ્યા ન બેસાડવામાં આવે તે જોવાની જવાબદારી શાળા સંચાલકની રહેશે.સંજોગોવશાત વાન કે રિક્ષમાં વધુ બાળકો બેસેલા જણાય તો તે અંગે સંચાલકે આર.ટી.ઓ.ને તુરંત જાણ કરવી. બાળકોની પરિવહનની વ્યવસ્થામાં પણ જરૂરી સુનિશ્ચિત સલામતીના નિયમો નક્કી કરવા. કમિશ્નરશ્રી વાહન વ્યવહારની કચેરી, ગુ.રા. દ્વારા ક્રમાંકઃ- સ્કૂલ રીક્ષા/૨૦૦૬/૪૧૮૦ તા. ૦૧/૦૮/૨૦૦૬ થી પરિપત્ર કરી રીક્ષા/મારૂતિવાન/મેટાડોર વગેરે વાહનોમાં કેટલા બાળકોને બેસાડી શકાય તેની વિગતવાર સૂચનાઓ આપેલ છે. જે ધ્યાને લઈ કાર્યવાહી કરવી.

(૫) તમામ શાળાઓમાં કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે અલગ ટોઈલેટ અને વોશરૂમ ફરજિયાત બનાવવા. શાળાના વોશરૂમ ટોઈલેટ વગેરે સ્થળે જયાં જરૂર હોય ત્યાં મહિલા કર્મચારીને/ હાજર રાખવા.

(૬) શાળાના તમામ સ્થળોએ જેવા કે લોબી, ગ્રાઉન્ડ, પરીસરમાં CCTV કેમેરા ગોઠવવા અને સમયાંતરે તેની ચકાસણી કરવી.

(૭) શાળામાં આવા દરેક મુલાકાતી.વાલી માટે મુલાકાતી રજીસ્ટર નિભાવવાનું રહેશે/સ્ટાફ/શાળાના ગેટ આગળ વીઝીટ બુક રાખવી અને વીઝીટરની જાણકારી મેળવવી. આ જગ્યાએ CCTV કેમેરા ગોઠવવા.

(૮) બાળકોની સુરક્ષા માટે વાલીઓ/શિક્ષકો/વિદ્યાર્થીઓની સમિતિની રચના કરવી અને તેની દર માસે મીટીંગ થાય, મીટીંગની નોંધ રાખવી અને તેના પ્રતિભાવો લેતા રહેવું.

(૯) જે શાળાની બાઉન્ડરી વોલ નીચી હશે તેની ઉંચાઈ વધારીને ૬ ફુટ કરવાની રહેશે.

(૧૦) ખાલી ઓરડાની ચાવી આચાર્યએ પોતાની પાસે રાખવી.

(૧૧) શાળાઓમાં ઈમર્જન્સી ફોન નંબરના બોર્ડ લગાડવા તથા વિદ્યાર્થીઓને માહિતગાર કરવા, વાલીઓને સમજ આપવી તથા શૈક્ષણિક વિસ્તારના નજીકમાં કેમિકલ એકમો, કે અન્ય જાનહાનિ સર્જે (દા.ત.



CamScanner

ગેસ લીકેજ, વિસ્ફોટ જેવી માનવ સર્જિત આફતો) જ‌ના એકમો ન હોય તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી.

(૧૨) ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્સન સોસાયટી ગુજરાત ગાંધીનગરની સૂચના મુજબ કોઈ પણ બાળકનું શારીરિક, માનસિક, સાંવેગિક શોષણ ન થાય, શારીરીક શિક્ષા ન કરવામાં આવે તે માટે જરૂરી પગલાં ભરવા.

(૧૩) શાળા સ્ટાફ બહારના મુલકાતી વગેરે માટે આ સાથે સામેલ કોડ ઓફ કન્ડક્ટ, Do's & Dont's નું બોર્ડ મુકવું તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, 1098 (child helpline ), 100, 101 વગેરે અગત્યના નંબરોનું બોર્ડ પણ મુકવું.

(૧૪) બાળકોની સુરક્ષા માટે ફોકલ પર્સનની નિમણૂંક કરવી (શાળાના આચાર્ય/સ્ટાફ પૈકી કોઈ એક) બાળકોને પડતી કોઈ પણ પ્રકારની મુશ્કેલી માટે ફોકલ પર્સન દ્વારા મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી કાઉન્સેલીંગ કરી બાળકોની સમસ્યા વૈજ્ઞાનિક ઢબે દૂર કરવાની રહેશે.

(૧૫) બાળકોની મનોવૈજ્ઞાનિક, સાંવેગિક કે શારીરિક શોષણની સમસ્યાઓની માહિતી મેળવવા શાળાના વિદ્યાર્થીઓ પૈકી યોગ્ય હોય તેવાં વિદ્યાર્થીને હેડબોય અને વિદ્યાર્થીનીને હેડગર્લ તરીકે નિમણૂક કરવી. જેથી હેડબોય કે હેડગર્લ શાળાના વિદ્યાર્થીઓ પાસેથી પણ જાણકારી મેળવી માહિતી મેળવી, શાળાના બાળ સુરક્ષા ફોકલ પર્સનને જાણ કરી શકે. જેથી સમયસર જરૂરી પગલાં શાળા દ્વારા લઈ શકાય.

(૧૬) શાળાની નજીક તમાકુ- ગૂટકા જેવી પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ ગુ.રા. દ્વારા ક્રમાંકઃ- ટોબેકોસેલ/માર્ગદર્શન સૂચનાઓ/૦૮, તા. ૨૪/૦૯/૨૦૦૮ થી પરિપત્ર કરી સૂચનાઓ આપેલ છે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૭) JJ Act, POSCO Act નો ભંગ થતો હોય ત્યારે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧૮) તમામ DEO/DPEO એ અત્રેની કચેરી દ્વારા આપેલ સૂચનાઓ/માર્ગદર્શિકા વગેરેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા કચેરીના AEI/EI/કે.નિ. વગેરે તમામ સ્ટાફને તથા SMC/PTAને પણ આ સૂચના/ માર્ગદર્શિકાથી વાકેફ કરવા અને તેનું પાલન કરવા સૂચના આપવી.

(૧૯) શાળામાં બાળકોની સલામતી માટે SMC સાથે ચર્ચા કરવી તથા ગ્રામસભામાં પણ આ બાબતે માર્ગદર્શન આપવા અને ગાઈડલાઈનની જાણકારી આપવા જિલ્લા વિકાસ અધિકારી તથા પંચાયતને જાણ કરવી.

(૨૦) DEO/DPEO શાળાના સંચાલકો/આચાર્યને ગાઈડલાઈનની જાણકારી આપી માસિક બેઠકમાં બાળકોની સલામતી અંગેના મુદ્દાનો સમાવેશ કરી સમીક્ષા કરવી.

(૨૧) GCERT/DIET દ્વારા પણ શિક્ષકોની તાલીમમાં આ ગાઈડલાઈનનો સમાવેશ કરવાનો રહેશે.

(૨૨) જિલ્લા કક્ષાએથી DEO/DPEO એ પ્રેસનોટ આપી ગાઈડલાઈનનો પ્રચાર-પ્રસાર કરવો.



CamScanner

(૨૩) દરેક શાળામાં તમામ વર્ગખંડો તેમજ મહેકમની તમામ જગ્યાએ CCTV કેમેરા ગોઠવવામાં આવે તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવી. CCTV કેમેરાના રેકોર્ડીંગનું ૧ (એક) માસનું બેકઅપ લઈ શકાય તેવી વ્યવસ્થા કરવી.

(૨૪) દરેક શાળા પાસેથી બાળકોની સલામતી માટે સ્કૂલ સેફટી પોલિસી-૨૦૧૬ અને બાળકોની સલામતી માટેની ગાઈડલાઈન નું પાલન કરવાની બાહેધરી મેળવી લેવાની રહેશે. જે શાળા બાંહેધરી ના આપે તે શાળા સામે કાયદેસર પગલાં ભરી માન્યતા રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલાં ભરવાના રહેશે.

(૨૫) નવી શાળાની માન્યતા વખતે પણ સ્કૂલ સેફટી પોલિસી-૨૦૧૬ અને બાળકોની સલામતી માટેની ગાઈડલાઈનના પાલન માટે બાહેધરી મેળવવાની રહેશે.

(૨૬) શાળા સલામતી નિતી અંગેની માર્ગદર્શિકા- ૨૦૧૬, એનેક્ષર ૮ (૧) અને એનેક્ષર ૮ (૨) મુજબ કાર્યવાહી કરી જરૂરી વિગતો ભરવાની રહેશે.

અત્રેથી આપેલ સૂચનાઓનો ભંગ કરનાર શાળાઓ સામે માન્યતા રદ કરવા સુધીના પગલા લઈ શકાશે. જેથી આ બાબતે આપની કક્ષાએથી શાળાનું બિલ્ડીંગ, વાતાવરણ, તાલીમ, ટ્રાન્સપોર્ટેશન વગેરે સંદર્ભે ચકાસણી કરાવી લેવા અને તેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં, નવી ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી આપતી વખતે School Safety Policy-2016ના અમલ અંગે તથા બાળકોની સલામતી માટેની ગાઈડ લાઈનના અમલ માટે જરૂરી પગલાં શાળાએ લીધેલ હોય અને તેના અમલ માટે બાંહેધરી આપેલ હોય તો જ મંજુરી આપવી તથા વિદ્યમાન શાળાઓમાં પણ ઉપરોક્ત બાબતની અમલવારી માટે જરૂરી બાંહેધરી મેળવી લેવાની રહેશે. શાળાની મુલાકાત દરમિયાન ઉપરોક્ત બાબતોનું ખાસ નિરીક્ષણ કરવાનું રહેશે.

શાળા સમિતિના ધોરણોનું ચેકલીસ્ટ, એનેક્ષર- ૮ (૧) અને એનેક્ષર- ૮ (૨)ની નકલ તમામ શાળાઓને પહોંચાડી, ત્રણ મહિનામાં શાળાઓની તપાસણી કરી શાળાઓ પાસેથી શાળાવાર પત્રકો મેળવી તમારી કચેરીએ રાખવાના રહેશે. દરેક શાળાએ પણ ચેકલીસ્ટ, એનેક્ષર- ૮ (૧) અને એનેક્ષર- ૮ (૨)ની વિગતો શાળામાં ઉપલબ્ધ રાખવાની રહેશે. જિલ્લા કક્ષાએથી દરમાસે શાળા સલામતી અંગે સમીક્ષા કરવાની રહેશે.

(ડો. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર



CamScanner

**રાજેશ માંજુ** આઇ.એ.એસ.
વાહન વ્યવહાર કમિશ્નર

**વાહન વ્યવહાર કમિશ્નર**
**ગુજરાત રાજ્ય**
બ્લોક નં. ૬, બીજે માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦
ટેલિ. : ૦૭૯-૨૩૨ ૫૧૩૬૧,
ફેક્સ : ૦૭૯-૨૩૨ ૫૧૩૬૨
Email : commi-trans@gujarat.gov.in

નં.- રોડસેફટી/સ્કુલવાન માર્ગસલામતી/ ૨૪૪૬ તારીખઃ- 13 0 MAY 2024

વિષયઃ- સ્કુલોમાં બાળકોને લાવવા-લઇ જવામાં પરિવહનમાં માર્ગસલામતી સુનિશ્ચિત કરવા બાબત.

સંદર્ભઃ- ૧.અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ- સીઓટી/એમવીપી/રોડસેફટી/સ્કુલસેફટી/૨૦૧૯/૩૭૫૬ તા-૧૨/૬/૨૦૧૯.
૨.અત્રેની કચેરીનો પત્ર નં-COT/0236/04/2024 તા-૧૦/૦૪/૨૦૨૪

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરીના ઉપરોકત સંદર્ભિત પરિપત્રથી સ્કુલોના બાળકોને લાવવા-લઇ જવાના પરિવહનમાં માર્ગસલામતી સુનિશ્ચિત કરવા બાબતે વિસ્તૃત સૂચનાઓ આપવામાં આવેલ છે. જેમાં આ પ્રકારના વાહનોને કયા પ્રકારનો કલર હોવો જોઇએ, કયા પ્રકારનું લખાણ હોવું જોઇએ, બાળકોની સલામતી માટે કયા પ્રકારની વ્યવસ્થા હોવી જોઇએ, વાહનના કયા દસ્તાવેજો હોવા જોઇએ, વાહનમાં અન્ય કઈ આનુષંગિક સુવિધાઓ હોવી જોઇએ આ બાબતે વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવેલ છે.ઉપરોક્ત સંદર્ભિત પરીપત્રની સુચનાઓના અક્ષરસહઃ અમલીકરણ હેતુ નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

૧.સ્કુલના બાળકોને લાવવા લઇ જવાના પરીવહનમાં ઉપયોગમાં લેવાતી બસો,વાન તથા ઓટોરીક્ષા માટે સંદર્ભિત પરીપત્રમાં ઉલ્લેખીત કલર, બાહ્ય લખાણ,આ વાહનોમાં બાળકોની સલામતી માટે લગાવવામાં આવતા જરૂરી સંસાધનો,આનુસંગિક સુવિધાઓ તથા આ વાહનોના ડ્રાઇવરો માટે આપવામાં આવેલ આવશ્યક સુચનાઓ વિગેરેનું સઘન ચેકીંગ હાથ ધરવાનું રહેશે અને તેનો અઠવાડીક અહેવાલ અચુકપણે અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.પરીપત્રની જોગવાઇઓના ઉલ્લંઘનના કિસ્સામાં જરૂર જણાયે નિયમ અનુસાર સંબંધીત

વાહનને મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ની કલમ ૨૦૭ હેઠળ ડીટેઇન કરી કલમ ૫૩ અનુસાર રજીસ્ટ્રેશન સસ્પેન્ડ કરવા સુધીના પગલા લેવાના રહેશે.

૨.સંદર્ભિત પરીપત્રના પારા ૧.૨ ના (ઇ),(એફ) તથા પારા ૨(ઇ) માં આ પ્રકારના વાહનોમાં ફાયર સંબંધીત કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુ થી જરૂરી અગ્નિશામક તથા બેઠકના મટીરીયલ અંગેની સુચનાઓ આપવામાં આવેલ છે.વધુમાં સ્કુલબસોમાં AIS-135 મુજબની ફાયર એલાર્મ અને પ્રોટેક્શન સીસ્ટમ સુનિશ્ચિત કરવા સંદર્ભ-૨ના પત્રથી સુચનાઓ આપવામાં આવેલ છે જેનું અચુકપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩.સંદર્ભિત પરીપત્રના પારા ૧.૨(ડી) તથા પારા ૨(એમ) માં સ્કુલબસ તથા સ્કુલવર્ધી માટે વપરાતી ઓટો રીક્ષા,વાન વિગેરે માટે ગતિ મર્યાદા નિયત કરવામાં આવેલ છે.આપની કચેરીને ફાળવવામાં આવેલ ઇન્ટરસેપ્ટર વાહનોનો ઉપયોગ કરી ઉપરોકત વાહનોમાં નિયત ગતિ મર્યાદાનું ઉલ્લંઘન થતું હોય તો મોટર વાહન કાયદાની કલમ ૧૮૩ મુજબ સ્પીડ લીમીટ વાયોલેશનનો ગુનો નોંધવાનો રહેશે.

૪.સ્કુલવર્ધી માટે વપરાતી ઓટોરીક્ષા,વાનમાં સંદર્ભિત પરીપત્રના પારા ૨(એ) મુજબ નિયત બેઠક ક્ષમતા કરતા બમણી સંખ્યામાં ૧૨ વર્ષ સુધીની ઉંમરના બાળકોને લઇ જવાની જોગવાઇ કરવામાં આવેલ છે.જો કોઇપણ કિસ્સામાં સ્કુલના બાળકોના પરીવહનમાં ઉપયોગમાં લેવાતા વાહનોમાં આ જોગવાઇનું ઉલ્લંઘન થતું જણાય તો તેવા કિસ્સામાં પરમીટ ભંગ તથા એક્સેસ પેસેન્જર માટે નિયમોનુસાર ગુનો નોંધવાનો રહેશે.

૫.સ્કુલવર્ધી માટે વપરાતી ઓટોરીક્ષા,વાનમાં જો રજીસ્ટ્રેશન થયા બાદ સીએનજી/એલપીજી કીટ ફીટ કરવામાં આવેલ હોય તો તે નિયમોનુસાર અલ્ટરેશનની પ્રક્રીયા બાદ જ ફીટ થયેલ છે કે કેમ તે સુનિશ્ચિત કરવાનું રહેશે.વધુમાં, GAS CYLINDER RULES, 2016 ના નિયમ ૩૫ તથા IS:15975 ની હાલની જોગવાઈ મુજબ સીએનજી વાહનોમાં ઉપયોગમાં લેવાતી ટેન્કને 3 વર્ષે તથા એલ.પી.જી. વાહનો માં ઉપયોગમાં લેવાતી ટેન્ક ને દર ૫ વર્ષે હાઇડ્રો ટેસ્ટ કરાવવાની જરૂરીયાત રહે છે જેથી સદર વાહનોમાં આ જોગવાઇનું પાલન થયેલ છે કે કેમ તે પણ સુનિશ્ચિત કરવાનું રહેશે.

૬.સદર બાબતે બાળકના માતા- પિતા તથા સંબંધીત શૈક્ષણીક સંસ્થાઓમાં આ બાબતે જનજાગૃતિ આવે તે હેતુથી બાળકોને શાળાએ લાવવા લઇ જવા ટ્રાન્સપોર્ટ વર્ગ(પીળી નંબર પ્લેટ) માં નોંધાયેલા અને વેલીડ પરમીટ,ઇન્સોરયન્સ,પીયુસી,ફીટનેશ સર્ટીફીકેટ તથા સંબંધીત વાહન ચલાવવા માટે અધિકૃત લાયસન્સ ધરાવતા વાહનનો જ ઉપયોગ થાય તે બાબતે સ્થાનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે જાહેરાત આપવાની રહેશે.

૭. સંદર્ભિત પરિપત્ર તથા ઉપરોક્ત ક્રમ ૧ થી ૬ ની જોગવાઈઓ જીલ્લા માર્ગ સલામતી સમિતિ ને ધ્યાને મૂકી સદર બાબતે જીલ્લા શિક્ષણ અધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણ

અધિકારી થકી આપના જીલ્લામાં કાર્યરત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સદર જોગવાઈઓ નું ચુસ્ત પણે પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રેહશે.

ઉપરોકત સુચનાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

બિડાણઃ- ઉપર મુજબ.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી

તમામ.

નકલ રવાના:

૧) જીલ્લા કલેકટરશ્રી, તમામ.

ઉપરોક્ત સુચનાઓ ને જીલ્લા માર્ગ સલામતી સમિતિ થકી અમલવારી કરાવવા બાબત

૨) પોલીસ કમિશ્નરશ્રી, તમામ

૩) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, તમામ

૪) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત રાજ્ય

૫) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન. મંત્રીશ્રી વાહન વ્યવહાર નું કાર્યાલય,
સ્વર્ણિમ સંકુલ -૨, નવા સચિવાલય, ગાંધીનગર માન. મંત્રીશ્રી ના ધ્યાને મુકવા સારુ

**સ્કૂલના બાળકોને લાવવા લઈ જવાના પરિવહનમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા બાબત.**

ક્રમાંક:/સીઓટી/MVP-રોડ સેફટી/સ્કૂલ સેફટી/૨૦૧૯/ 3756

વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.-૬/૨,

ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત રાજ્ય

તારીખ: 12 JUN 2019

## -: પરિપત્ર :-

**આમુખ:**

શાળાથી બાળકોને લાવવા લઇ જવા વપરાતી સ્કૂલ બસ તથા સ્કૂલ વર્ધીની વાનમાં થતા પરિવહનમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા જરૂરી સૂચનાઓ આપવા વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી તથા શિક્ષણ વિભાગ દ્વારા વખતો વખત પરિપત્રો કરવામાં આવ્યા છે. આ પરિપત્રોની નકલો આ સાથે સામેલ છે. વધુમાં CBSC દ્વારા પણ બાળકોની સલામતી માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાઓના અનુસંધાનમાં નીચે પ્રમાણે સંકલિત સૂચનાઓ આપવામાં આવે છે.

**સૂચનાઓ:**

### ૧. સ્કૂલ બસ બાબતમાં સૂચનાઓ

**૧.૧ બસના બાહ્ય ભાગ અંગે:**

(એ) સ્કૂલ બસને પીળો કલર કરેલ હોવો જોઈએ અને બસની બંને બાજુ સ્કૂલનું નામ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખેલું હોવુ જોઈએ, જેથી સ્કૂલ બસને ઓળખી શકાય.

(બી) શાળાના બાળકોને લઈ જતી સ્કૂલ બસની આગળ અને પાછળ 'સ્કૂલ બસ' એવું સ્પષ્ટ અને મોટા અક્ષરે લખેલું હોવું જોઈએ જો બસ ભાડે લીધેલ હોય/ભાડાની હોય તો,"સ્કૂલ વર્ધી માટે" એવું સ્પષ્ટ લખેલું હોવું જોઈએ.

(સી) ડ્રાઈવરની માહિતી(નામ, સરનામું, લાઈસન્સ નંબર, બેજ નંબર) અને શાળાનો કે બસ માલિકનો ટેલીફોન હેલ્પલાઈન નંબર અને રજીસ્ટ્રેશન નંબર, વાહનની અંદરની અને બાહરની તરફ સ્પષ્ટ દેખાય એ રીતે કોન્ટ્રાસ્ટ રંગમાં લખેલ હોવા જોઈએ. તે બસમાં મુસાફર અને પબ્લીકને સ્પષ્ટ દેખાય એવી રીતે લખેલ હોવું જોઈએ કે જેથી જરૂરીયાતનાં સમયે સ્કૂલ સત્તાવાળાઓ, પોલીસ કે અન્ય સત્તાધીકારીઓને માહિતગાર કરી શકાય.

**૧.૨ બસના આંતરિક ભાગ અંગે:**

(એ) બસની બારીઓ પર આડી પટ્ટીઓ અને જાળી હોવી જોઈએ.

(બી) બસના દરવાજા પર વિશ્વસનીય લોક હોવા જોઈએ.

(સી) દરેક સ્કૂલ બસમાં આપાતકાલીન સમયે બહાર જવા માટેનો દરવાજો હોવો જ જોઈએ તે જવાબદારી સ્કૂલ સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવાની રહેશે.

(ડી) સ્કૂલ બસમાં સ્પીડગવર્નર લગાવેલ હોવું જોઈએ કે જેની ગતિ મર્યાદા ૪૦ કી.મી. પ્રતિ કલાકની હોય.

(ઈ) દરેક સ્કૂલ બસમાં ABC પ્રકારના ૫ કિલોની ક્ષમતાવાળા અને ISI પ્રમાણિત કરાયેલ હોય એવા બે અગ્નિશામક હોય એ સ્કૂલ સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવાનુ રહેશે.જેમાંથી એક ડ્રાઈવર કેબીનમાં અને બીજુ આપાતકાલીન દ્વાર પાસે રાખવું. જેના વપરાશ અંગેની તાલીમ ડ્રાઈવર,કંડકટર, એટેન્ડન્ટને આપેલ હોવી જોઈએ.

(એફ) સ્કૂલના બાળકોની સાવચેતી માટે સ્કૂલબસની બેઠકો બિન દહનશીલ પદાર્થમાંથી બનાવેલી હોવી જોઈએ.

(જી) GPS સીસ્ટમ અને CCTVની વ્યવસ્થા દરેક સ્કૂલ બસમાં ફરજીયાત હોવા જોઈએ.બસનાં માલિકે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે લગાવેલ GPS અને CCTV હંમેશા કાર્યરત અવસ્થામાં જ રહે.

**૧.૩ બસમાં સગવડ/સુવિધાઓ:**

(એ) સ્કૂલ બસમાં એક પ્રાથમિક સારવાર પેટી અને પીવાનું પાણી હોવું જોઈએ.

(બી) સ્કૂલબેગને સલામત રાખવા/મુકવા માટે સીટની નીચે જગ્યા હોવી જોઈએ અથવા સ્કૂલ બસની અંદર યોગ્ય જગ્યા હોવી જોઈએ.

(સી) સ્કૂલ બસમં એલાર્મ બેલ/ઘંટડી અને મોટા અવાજ વાળું ધ્વનિસંકેત સાધન હોવા જોઈએ કે જેથી આપત્તિ/કટોકટી ના સમયે દરેકને ચેતવણી આપી શકાય/ચેતવી શકાય.

(ડી) સ્કૂલ બસમાં પડદાં લગાવવા નહિ તેમજ કાચ પર ફિલ્મ લગાડવી નહિ.

(ઈ) સ્કૂલ બસમાં અંદર પુરતું અજવાળુ હોવું જોઈએ.

(એફ) સ્કૂલ બસ જયારે રોડ પર જતી હોય ત્યારે અંદર થતી પ્રવૃત્તિઓ બહારથી દ્રશ્યમાન હોવી જોઈએ.

**૧.૪ બસમાં બાળકોની સલામતી માટે મહત્વની સૂચનાઓ:**

(એ) માન્યતા પ્રાપ્ત સ્કૂલોએ રાજ્ય વાહનવ્યવહાર વિભાગ દ્વારા સુચિત કરેલ માન્ય મંજુરી ન ધરાવતી તેમજ આવશ્યક શરતોનું પાલન ન કરતી બસ પછી તે, ભાડેથી લીધી હોય કે પોતાની માલીકીની બસ હોય, તેનો બાળકોને લાવવા લઇ જવા માટે ઉપયોગ ન કરવો..

(બી) મોટર વ્હીકલ એક્ટ – ૧૯૮૮ પ્રમાણે સ્કૂલબસ અને સ્કૂલબસનાં મુસાફરોનો માન્ય વીમો,ટેક્ષ,પરમીટ,પીયુસી, ફીટનેશ હોવો જોઈએ.ડ્રાઇવર પાસે અધિકૃત ડ્રાંઇવીંગ લાયસન્સ હોવુ જોઇએ.

(સી) દર વર્ષે ડ્રાઇવરની શારીરિક તપાસ અને આંખોની તપાસ થવી જોઈએ અને અધિકૃત સત્તાધીશ પાસેથી મોટર વ્હીકલ એક્ટ – ૧૯૮૮માં જણાવ્યા પ્રમાણેનું "શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર" મેળવેલ હોવું જોઈએ.

(ડી) લાલ બત્તી/રેડ સિગ્નલની અવગણના કરવી,લેન ડ્રાઇવીંગ શિસ્તભંગ કે અનધિકૃત વ્યક્તિને વાહન ચલાવવા આપવું વગેરે જેવા ટ્રાફિક ગુનાઓમાં બે થી વધુ વખત સંડોવાયેલ હોય તેવા ડ્રાઇવરને કર્મચારી તરીકે સ્કૂલ સત્તાવાળાઓ રાખી શકશે નહીં.

(ઇ) ખુબ જ ઝડપી તેમજ ખતરનાક રીતે વાહન ચલાવવા માટે અથવા ઇન્ડિયન પિનલ કોડની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪એ અથવા POSCO(પોસ્કો) એક્ટ – ૨૦૧૨ હેઠળ અથવા અન્ય કોઈ ફોજદારી કાયદા હેઠળ ગુનાહિત ઠરેલ હોય, તેવા ડ્રાઇવરને સ્કૂલ સત્તાવાળાઓ કર્મચારી તરીકે રાખી શકશે નહીં.

(એફ) વાહનવ્યવહાર વિભાગ દ્વારા આપવામાં આવેલ માન્ય "જાહેર સેવા માટેનાં વાહન ચલાવવા અંગેનો ફોટાવાળો બેજ" હોય તેવા ડ્રાઇવરે જ વાહન ચલાવવું જોઈએ.

(જી) ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૯૮૯ ના નિયમ ૧૧૯ મુજબ જો વિદ્યાર્થીની ઉંમર ૧૨ વર્ષથી ઓછી હોય તો, માન્યતા પ્રાપ્ત બેઠક ક્ષમતાના બમણાથી વધારે વિદ્યાર્થીઓનું વહન કરવું નહી/બેસાડવા નહી.

(એચ) મોટર વ્હીકલ એક્ટ – ૧૯૮૮ મુજબ "સ્કૂલબસની રોડ પર ચલાવવા માટેની યોગ્યતા" હોય તેવું સ્કૂલબસની યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર (ફીટનેશ) સમયાંતરે મેળવવાનું રહેશે.

(આઈ) કોઈપણ સ્કૂલ સત્તાધારી અને/અથવા સ્કૂલબસ ડ્રાઇવર મોટર વ્હીકલ એક્ટ – ૧૯૮૮ અને તેમાં સમાવિષ્ટ નિયમો ઉપરાંત, બોર્ડ, રાજ્ય સરકાર અને કોર્ટની સુચનોનું ઉલ્લંઘન કરતાં મળશે તો કાયદાકીય પગલા ને પાત્ર રહેશે.

(જે) જ્યાં સ્કૂલબસ ભાડે લેવામાં આવી હોય તો, સ્કૂલ સત્તાધિકારીઓએ માલીક સાથે માન્ય કરાર કરવો અને આ કરારની નકલ સ્કૂલબસ ચલાવતા ડ્રાઇવરે સાથે રાખવી.

(કે) વિદ્યાર્થીઓના નામ, ધોરણ, રહેઠાણનું સરનામું, બ્લડ ગ્રુપ, બસમાં ઉભા રહેવાના સ્થળો, માર્ગ યોજના(રૂટ પ્લાન)ની માહિતી/વિગતો ધરાવતું રેકર્ડ હંમેશા સ્કૂલબસ કંડક્ટર પાસે સ્કૂલબસમાં તૈયાર રાખવું જોઈએ.

(એલ) જ્યારે પણ સ્કૂલના બાળકોનું પરિવહન કરારથી કરવામાં આવતું હોય ત્યારે, વાહનના માલિકે આ અંગેની જાણ ડ્રાઇવરના નામ અને વાહનની વિગત સાથે ક્ષેત્રિય પોલીસ સ્ટેશન,અને જિલ્લા ટ્રાફિક પોલીસને સ્પષ્ટ જણાવવાની રહેશે.

(એમ) સ્કૂલબસ ચલાવતી વખતે ડ્રાઇવર મોબાઈલ ફોનનો વપરાશ કરી શકશે નહી અને વિદ્યાર્થી તેમજ સ્ટાફ સાથે વધારે પડતી ક્રિયાપ્રતિક્રિયા / વાર્તાલાપ કરી શકશે નહીં.

(એન) સ્કૂલબસ ચાલતી હોય ત્યારે તેના દરવાજા બંધ રહે એ સ્કૂલ સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(ઓ) સ્કૂલબસમાંથી જ્યારે સ્કૂલના બાળકો ચઢતાં અને ઉતરતાં હોય ત્યારે, સ્કૂલબસ સ્થિર હાલતમાં હોવી જોઈએ.

(પી) ડ્રાઇવરની ડ્રાઇવિંગ કુશળતામાં વધારો થાય તે માટે સમયાંતરે રિફ્રેસર તાલીમ આપવી. (દા.ત. વર્ષમાં બે વાર)

(કયું) નશાની હાલતમાં ડ્રાઈવર સ્કૂલબસ ચલાવી શકશે નહી. આ બાબતે નિયમિતપણે તપાસ સ્કૂલ સત્તાધીશોએ કરવી. જો કોઈ વાંધાજનક જણાય તો, સ્કૂલબસના ડ્રાઇવરની તબીબી તપાસ થવી જોઇએ અને જરૂર લાગે ડ્રાઇવિંગ લાયસન્સ રદ્દ કરવા સુધીના પગલાં લેવા જોઈએ.

(આર) સ્કૂલ સત્તાધીશોએ દરેક સ્કૂલ બસમાં એક મોબાઈલ ફોન પુરો પાડવો કે જેથી આપત્તિના સમયે સ્કૂલબસનો સંપર્ક થઈ શકે અથવા ડ્રાઈવર કે કંડક્ટર પોલીસ, રાજ્ય સત્તાધીશો અને સ્કૂલ સત્તાધીશોનો સંપર્ક કરી શકે.

(એસ) સ્કૂલબસ જ્યારે સ્કૂલના બાળકોને લઇ જઇ રહી હોય ત્યારે આ બસ અન્ય વાહનોને ઓવરટેક ના કરે તે સ્કૂલ સત્તાવાળાઓએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

(ટી) માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા નિયમિત સમયાંતરે રોડ સેફ્ટી મેળા, ટીમ પ્રોજેક્ટના કાર્યક્રમો, રોડ સેફ્ટી ક્લબનું આયોજન થતુ રહે તે ઇચ્છનીય છે.વધુમાં સ્કૂલ સત્તાધીશોએ વિદ્યાર્થીઓનાં માર્ગ

સલામતી સપ્તાહ દરમ્યાન નાટક અને પ્રદર્શન જેવા આયોજન કરે અને જાહેર જનતામાં જાગૃતિ લાવે તે માટે પ્રોત્સાહિત કરવા જોઇએ.

(યુ) માતા-પિતા કે વાલી બાળકોને શાળાએ લાવવા લઇ જવા ટ્રાન્સપોર્ટ વર્ગ (પીળી નંબર પ્લેટ) માં નોંધાયેલા વેલીડ પરમીટ થર્ડપાર્ટી તથા બાળકોનો વેલીડ વીમો, વેલીડ પીયુસી, વેલીડ ફીટનેશ સર્ટી. ધરાવતા અને અધિકૃત ડ્રાઇવીંગ લાયસન્સ ધરાવતા ડ્રાઇવર દ્વારા હંકારતા વાહનનો જ ઉપયોગ કરવો.

સ્કૂલબસ ભાડે લેવામાં આવી હોય તો પણ આ સૂચનાઓ વાહનના ઓપરેટરને તેમજ સ્કુલ સત્તાવાળાઓને સરખી રીતે લાગુ પડશે. આ સુચનાઓનું પાલન નહિ થયાનું ધ્યાનમાં આવશે તો બસની પરમીટ મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ-૮૬ અનુસાર સસ્પેન્ડ અથવા રદ્દ કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

## ૨. સ્કુલ વર્ધી માટે વપરાતી ઓટો રીક્ષા, વાન વગેરે માટે સૂચનાઓ

મોટાભાગના વાલીઓ પોતાના બાળકોને શાળાએ લઇ જવા- લાવવા માટે ખાનગી માલિકીની ઓટોરીક્ષા, વાન વગેરેની સેવા ભાડેથી મેળવતા હોય છે. જે અન્વયે બાળકોની સલામતી માટે અત્રેથી વખતો વખત જરૂરી પરિપત્રો કરવામાં આવ્યા છે. આ રીતે થતા પરિવહનમાં બાળકોની સલામતી જળવાય તે રીતે પરિવહન કરવા નામદાર ગુજરાત હાઇકોર્ટે પણ અલગ અલગ કેસોમાં વિવિધ દિશાનિર્દેશો આપેલા છે. આ તમામના અનુસંધાને નીચે પ્રમાણે સંકલિત સૂચનાઓ આપવામાં આવે છે.

(એ) શાળાના બાળકોને ઘેરથી શાળાએ લઇ જવા અને પરત લાવવા માટે થ્રી વ્હીલર પેસેન્જર ઓટોરીક્ષાઓ સાથે મારુતિ વાન વિગેરે જેવા વાહનોનો મોટાપાયે ઉપયોગ થાય છે. આ વાહનો બેઠક ક્ષમતાની દ્રષ્ટિએ બે પ્રકારના હોય છે.

(૧) ૬+૧ સુધીની બેઠક ક્ષમતા ધરાવતા વાહનો.

(૨) ૬ થી વધારે પરંતુ ૧૨ મુસાફરો સુધી (ડ્રાઈવર સિવાય) બેઠક ક્ષમતા ધરાવતા વાહનો.

ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ,૧૯૮૯ના નિયમ:૧૧૯(૧) મુજબ સ્કુલના ઉપયોગ માટેના પબ્લિક સર્વિસ વ્હીકલ્સમાં બાર વર્ષની ઉંમર કરતા વધારે ન હોય તેવું બાળક “અડધા” તરીકે ગણાય છે. આમ, આ પ્રકારના વાહનોમાં તેની નિયત થયેલ બેઠક ક્ષમતા કરતા બમણી સંખ્યામાં ૧૨ વર્ષ સુધીની ઉંમરના બાળકોને સ્કુલના હેતુ માટે લાવી, લઇ જઈ શકાય.

બાળકોને ઘેરથી શાળાએ અને શાળાએથી ઘેર પરત લાવવા માટે વપરાતા ઓટોરીક્ષા તથા મારુતિ વાન જેવા વાહનોમાં જરૂરી પરમીટ આપતા પહેલા સક્ષમ ઓથોરીટીએ તે વાહનના ઉત્પાદકે નિયત કરેલ બેઠક ક્ષમતાના બમણાથી વધારે ન હોય તેટલી મર્યાદામાં બાળકો સમાવવા માટે પરવાનગી આપવી અને જો ચેકિંગ વખતે આવા વાહનોમાં તેના ઉત્પાદકે નિયત કરેલ બેઠક ક્ષમતાના બમણાથી વધારે ૧૨ વર્ષ સુધીના બાળકો બેસાડેલા ધ્યાનમાં આવેતો, આવા વાહન અંગે પરમીટ શરતોના ભંગ બદલનીકાયદેસરની કાર્યવાહી કરવી.

(બી) મોટર વ્હીકલ એક્ટ – ૧૯૮૮ પ્રમાણે સ્કુલ વર્ધીનું વાહન અને તેમાં લાવવા લઇ જવાના વિદ્યાર્થીઓનો માન્ય વીમો, ટેક્ષ, પરમીટ, પી.યુ.સી, ફીટનેશ હોવો જોઈએ. ડ્રાઇવર પાસે અધિકૃત

ડ્રાંઇવીંગ લાયસન્સ હોવુ જોઇએ સ્કુલના બાળકોને ભાડેથી લઇ જવા દરેક વાહનની આગળ – પાછળ સ્કુલ રીક્ષા, સ્કુલ વાન એમ યથાપ્રસંગ સ્પષ્ટ અને મોટા અક્ષરે અવશ્ય લખવું જોઈએ.

(સી) જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેની પર સ્કુલવર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખવું જોઈએ.

(ડી) દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી બિનચૂક ફરજીયાત રાખવી જોઈએ.

(ઈ) દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રાખવા જોઈએ.

(એફ) આવા વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન નંબર અવશ્ય લખેલા હોવા જોઈએ.

(જી) સ્કુલવાનના બારણાસારી ગુણવત્તાવાળા તાળાઓથી બંધ કરવા જોઈએ.

(એચ) દરેક વાનમાં સ્કુલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઈએ.

(આઈ) ઓટોરીક્ષામાં તથા વાનમાં ઉતારૂં કમ્પાર્ટમેન્ટવધારાની બેઠક વ્યવસ્થા કરવાની રહેશે.

(જે) સીટ કુશન સાદી સપાટીવાળું હોવું જોઈએ, વાંકીચુકી સપાટીવાળું હોવું જોઈએ નહિ.

(કે) વાનમાં ઉતારૂં કમ્પાર્ટમેન્ટમાં બારીઓએવી ડીઝાઇનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઈએ કે જેથી જાળીમાંથી બાળકોનો કોઈ અવયવ બહાર આવી શકે નહિ.

(એલ) વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલ હોવું જોઈએ. અને આવું હોર્ન હંમેશા ચાલુ હાલતમાં હોવું જોઈએ.

(એમ) આવું વાહન કલાકમાં ૨૦કી.મી. કરતા વધુ ઝડપે ચલાવી શકાશે નહિ.

(એન) વાહનમાં બાળકોના દફતર ડાબી તથા જમણી બાજુએ બહાર લટકાવી શકાશે નહિ.

(ઓ) વાહન ઉપર આગળની બાજુએ, ડાબી બાજુએ, જમણી બાજુએ તથા પાછળના ભાગમાં પીળા બેકગ્રાઉન્ડ ઉપર લાલ રંગમાં સ્કુલ વાન શબ્દ ચિતરવાના રહેશે.

(પી) ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકને બેસાડી શકાશે નહિ.

(કયુ) ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૯૮૯ ના નિયમ ૧૧૯ મુજબ સ્કુલવર્ધીના વાહનોમાં ૧૨ વર્ષ સુધીના બાળકો માટે ૧ સીટ દીઠ બે બાળક બેસી શકે તેવી કાયદાકીય જોગવાઈ છે. આનાથી વધારે બાળકો બેસાડી બાળકોનું પરિવહન કરતા વાહનો સામે કડક ચેકિંગ કરવું.

(આર) ખાનગી રજીસ્ટ્રેશન (પાસીંગ) ધરાવતા વાહનોમાં ભાડેથી બાળકોને લાવવા અને લઇ જવા એ મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ-૩૯ અને ૧૯૨એ હેઠળનો ગંભીર ગુન્હો છે અને આવું વાહન કલમ ૨૦૭ નીચે ડીટેઈન થઇ શકે છે. તેથી આવા વાહનો ડીટેઈન કરી તેમનું રજીસ્ટ્રેશન રદ્દ મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ની કલમ-૫૩ અનુસાર સસ્પેન્ડ કરવા પગલા લેવા.

(એસ) સ્કુલવર્ધીના વાહનોમાં કોઈપણ મંજુરી લીધા વગર CNG અથવા LPG ગેસ પર વાહન ચલાવવું ગંભીર ગુન્હો છે. કેટલાક કિસ્સામાં ડોમેસ્ટીક વપરાશમાં LPG દ્વારા વાહન ચલાવવાનું હોવાની પણ શકયતા હોય છે. આ બહુજ ગંભીર બાબત છે. તેથી આવા વાહનો ચેકિંગ કરી તેની અંદરની ગેરકાયદેસર કીટ/બાટલો કાઢીને કડક કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(ટી) સ્કૂલવર્ધી વાનના ડ્રાઈવર પાસે ટ્રાન્સપોર્ટ વાહન ચલાવવાનો બેજ ફરજીયાત પણે હોવો જોઈએ. આવા કિસ્સામાં કલમ-૨૦૭ હેઠળ વાહન ડીટેઈન થઇ શકે છે. આવા વાહનોનું કડક ચેકિંગ કરી ડીટેઈન કરવા.

(યુ) સ્કુલવર્ધી વાન થઈ પાર્ટી વીમા વગર વપરાતી હોવાનું ધ્યાનમાં આવે તો ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ, ૨૦૧૮ની કલમ-૧૪(૧) હેઠળ વાહન ડીટેઈન કરવું. તથા આ કાયદા અને મોટર વ્હીકલ્સ એક્ટ, ૧૯૮૮ની જોગવાઈઓ હેઠળ કડક પગલા લેવા.

ઉક્ત સુચનાઓનું ચુસ્ત રીતે પાલન થાય તે સુનિશ્ચિત કરવા રોજબરોજના નિયમિત ચેકીંગમાં આ તમામ મુદ્દાઓનો સમાવેશ કરવો.

તમામ પોલીસ કમિશનરશ્રીઓ અને ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટશ્રીઓ કે જે હોદ્દાની રૂએ અનુક્રમે સીટી અને ડીસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કમિટીના અધ્યક્ષ છે, તેઓને ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી એક્ટ, ૨૦૧૮ ની કલમ – ૧૫(૧) હેઠળ મળેલી સત્તાની રૂએ આ પરિપત્રોની અમલવારી કરાવવા સીટી અને ડીસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કમિટીની બેઠકોમાં જરૂરી ઠરાવ પસાર કરી બહોળી પ્રસિધ્ધિ કરી અમલવારી સુનિશ્ચિત કરવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

વાહન વ્યવહાર કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ

આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. તમામ
ગુજરાત રાજ્ય.

<u>નકલ જાણ તથા અમલ સારૂં રવાના:</u>

(૧) અધ્યક્ષશ્રી અને પોલીસ કમિશનરશ્રીઓ, સીટી રોડ સેફ્ટી કમિટી અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા.
(૨) અધ્યક્ષશ્રી અને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રીઓ, ડીસ્ટ્રીક રોડ સેફ્ટી કમિટી, તમામ
(૩) પોલીસ અધિક્ષકશ્રીઓ, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, તમામ..

**<u>નકલ જાણ તથા તાબાની કચેરીઓને જરૂરી સુચના આપવા સારૂં રવાના:</u>**

(૧) કમિશનરશ્રી, શાળાઓની કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૯/૧, જુના સચિવાલય,ગાંધીનગર.
(૨) કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક નં.૨/૬, કર્મયોગી ભવન, સેકટર- ૧૦/એ, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) માન. મંત્રીશ્રી(વાહન વ્યવહાર)ના અંગત મદદનીશ, સરદાર પટેલ ભવન, ગાંધીનગર. માન. મંત્રીશ્રીના ધ્યાને મુકવા સારૂં.
(૨) અગ્રસચિવશ્રીના અંગત મદદનીશ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨/૨, સચિવાલય, ગાંધીનગર. માન. અગ્રસચિવશ્રીના ધ્યાને મુકવા સારૂં.
(૩) પોલીસ મહાનિર્દેશકશ્રીના અંગત મદદનીશ, પોલીસ મહાનિર્દેશકશ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર. માન. પોલીસ મહાનિર્દેશકશ્રીના ધ્યાને મુકવા સારૂં.
(૪) અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશ, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૮, સચિવાલય, ગાંધીનગર. માન. અગ્રસચિવશ્રીના ધ્યાને મુકવા સારૂં.
(૫) સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત મદદનીશ, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર. માન. સચિવશ્રીના ધ્યાને મુકવા સારૂં.

| | | |
|---|---|---|
| | વાહન વ્યવહાર કમિશનરની કચેરી<br>બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | |

પ્રતિ,
પ્રાદેશિક/સહા.પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
પ્રાદેશિક/સહા.પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી,
તમામ

વિષય: **Motor Vehicle- AIS-135 compliance for Fire Alarm and Protection System in School Buses-Instructions issued-Regarding.**

સંદર્ભ- ભારત સરકારનું તા-૨૮/૦૪/૨૦૨૩નું **GSR 337(E)** બાબતનું નોટીફીકેશન.

ઉપરોક્ત વિષય અન્વયે તમામ આરટીઓ/એઆરટીઓને જણાવવાનું કે, મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા **GSR 337(E)** થી નોટીફીકેશનમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઉક્ત નોટીફીકેશનમાં સમાવિષ્ટ વાહનોમાં રજીસ્ટ્રેશનની કામગીરીમાં ઉક્ત સુચનાનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

(નોંધ પર માન.કમિશ્નરશ્રીના આદેશ મુજબ)

નાયબ નિયામક
વાહન વ્યવહાર કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણ:- સંદર્ભિતપત્ર

નકલ રવાના: નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવમો માળ બ્લોક ૨, ન્યુ સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by: Vinita Yadav
I/C Deputy Director
Date:2024.04.10
10:26:06 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

रजिस्ट्री सं. डी.एल.- 33004/99 REGD. No. D. L.-33004/99

भारत का राजपत्र
The Gazette of India

सी.जी.-डी.एल.-अ.-02052023-245571
CG-DL-E-02052023-245571

असाधारण
EXTRAORDINARY

भाग II—खण्ड 3—उप-खण्ड (i)
PART II—Section 3—Sub-section (i)

प्राधिकार से प्रकाशित
PUBLISHED BY AUTHORITY

सं. 267] नई दिल्ली, सोमवार, मई 1, 2023/वैशाख 11, 1945
No. 267] NEW DELHI, MONDAY, MAY 1, 2023/VAISAKHA 11, 1945

## सड़क परिवहन और राजमार्ग मंत्रालय

## अधिसूचना

नई दिल्ली, 28 अप्रैल, 2023

**सा.का.नि. 337(अ).**—केंद्रीय मोटर नियम, 1989 का और संशोधन करने के लिए कतिपय नियमों का प्रारूप मोटरयान अधिनियम, 1988 (1988 का 59) की धारा 212 की उपधारा (1) के अधीन यथाअपेक्षित भारत के राजपत्र, असाधारण, भाग II, खंड 3, उपखंड (i) में, भारत सरकार के परिवहन और राजमार्ग मंत्रालय की अधिसूचना सा.का.नि. 49(अ), तारीख 24 जनवरी, 2023 द्वारा प्रकाशित किया गया था, जिसमें ऐसे सभी व्यक्तियों से, जिनकी उससे प्रभावित होने की संभावना थी, उस तारीख से, जिनको उक्त अधिसूचना को अंतर्विष्ट करने वाले राजपत्र की प्रतियां जनता को उपलब्ध करा दी गई थी, तीस दिन की अवधि के भीतर आक्षेप और सुझाव आमंत्रित किए गए थे ;

और, उक्त अधिसूचना वाली राजपत्र की प्रतियां जनता को तारीख 24 जनवरी, 2023 को उपलब्ध करा दी गई थी ;

और, उक्त प्रारूप नियम के संबंध में जनता से प्राप्त आक्षेपों और सुझावों पर केन्द्रीय सरकार द्वारा सम्यक् रूप से विचार कर लिया गया है ;

अतः, अब, केंद्रीय सरकार, मोटर यान अधिनियम, 1988 (1988 का 59) की धारा 110 द्वारा प्रदत्त शक्तियों का प्रयोग करते हुए, केंद्रीय मोटरयान नियम, 1989 का और संशोधन करने के लिए निम्नलिखित नियम बनाती है, अर्थात् :-

**1. संक्षिप्त नाम और प्रारंभ.**—(1) इन नियमों का संक्षिप्त नाम केंद्रीय मोटर यान (चौथा संशोधन) नियम, 2023 है।

(2) ये राजपत्र में अंतिम प्रकाशन की तारीख को प्रवृत्त होंगे ।

2. केंद्रीय मोटर यान नियम, 1989 के नियम 125ग में,-

(क) उपनियम (1) के दूसरे परंतुक के स्थान पर निम्नलिखित परंतुक रखा जाएगा, अर्थात्:--

"परंतु यह कि एआईएस-135 के उपबंध एआईएस-052 (आरईवी.1) में यथा विनिर्दिष्ट टाईप III बसों पर लागू होंगे, जिनका विनिर्माण 1 अक्तूबर, 2023 को और उसके पश्चात् किया गया है ।";

(ख) उपनियम (2) के परंतुक के स्थान पर निम्नलिखित परंतुक रखा जाएगा, अर्थात्:--

"परंतु एआईएस-135 के अधिभोगी कक्ष में अग्निसुरक्षा के उपबंध एआईएस-063 में यथा विनिर्दिष्ट स्कूल बसों पर लागू होंगे, जिनका विनिर्माण 1 अक्तूबर, 2023 को और उसके पश्चात् किया गया है ।";

(ग) उपनियम (7) की सारणी 1 में क्रम संख्यांक 7क और उससे संबंधित प्रविष्टियों के स्थान पर निम्नलिखित क्रम संख्या और प्रविष्टियां रखी जाएंगी, अर्थात्:-

| (1) | (2) | (3) | (4) | (5) |
|---|---|---|---|---|
| "7क | अधिभोगी कक्ष में अग्नि संचेतक और सुरक्षा प्रणाली | एम 3 प्रवर्ग की टाईप III बसें और स्कूल बसें | एआईएस-135 | 1 अक्तूबर, 2023"। |

[फा. सं. आरटी-11016/37/2021-एमवीएल]

महमूद अहमद, अपर सचिव

**टिप्पण :** मूल नियम, भारत के राजपत्र, असाधारण, भाग II, खंड 3, उप-खंड (i) की अधिसूचना संख्या सा.का.नि. 590(अ), तारीख 2 जून, 1989 द्वारा प्रकाशित किए गए थे और अंतिम संशोधन अधिसूचना संख्या सा.का.नि. 289(अ), तारीख 13 अप्रैल, 2023 द्वारा किया गया था ।

**MINISTRY OF ROAD TRANSPORT AND HIGHWAYS**

**NOTIFICATION**

New Delhi, the 28th April, 2023

**G.S.R. 337(E)**.—Whereas, the draft rules further to amend the Central Motor Vehicles Rules, 1989 were published, as required under sub-section (1) of section 212 of the Motor Vehicles Act, 1988 (59 of 1988), *vide* notification of the Government of India in the Ministry of Road Transport and Highways *vide* number G.S.R. 49(E), dated the 24th January, 2023, in the Gazette of India, Extraordinary, Part II, Section 3, sub-section (i), inviting objections and suggestions from all persons likely to be affected thereby before the expiry of the period of thirty days from the date on which copies of the Official Gazette containing the draft rules were made available to the public;

And whereas, copies of the said Gazette notification were made available to the public on the 24th January, 2023;

And whereas, objections and suggestions received from the public in respect of the said draft rules have been considered by the Central Government;

Now, therefore, in exercise of the powers conferred by section 110 of the Motor Vehicles Act, 1988 (59 of 1988), the Central Government hereby makes the following rules further to amend the Central Motor Vehicles Rules, 1989, namely:-

**1. (**1) These rules may be called the Central Motor Vehicles (Fourth Amendment) Rules, 2023.

(2) They shall come into force on the date of their publication in the Official Gazette.

2. In the Central Motor Vehicle Rules, 1989, in rule 125C,-

(a) in sub-rule(1), for the second proviso, the following proviso shall be substituted, namely:-

"Provided further that the provisions of AIS-135 shall be applicable to Type III buses, as specified in AIS-052(Rev.1), which are manufactured on and after the1st October, 2023.";

(b)in sub-rule(2), for the proviso, the following proviso shall be substituted, namely:-

"Provided that the provisions on fire protection in occupant compartment of AIS-135 shall be applicable to school buses ,as specified in AIS-063, which are manufactured on and after the1st October, 2023.";

(c) in sub-rule (7), in Table 1, for serial number 7A and the entries relating thereto, the following serial number and entries shall be substituted, namely:-

| (1) | (2) | (3) | (4) | (5) |
|---|---|---|---|---|
| "7A | Fire Alarm and Protection system in occupant compartment | Type III buses of category M3 and school buses | AIS-135 | 1st October 2023.". |

[F. No. RT-11016/37/2021-MVL]

MAHMOOD AHMED, Addl. Secy.

**Note :** The principal rules were published in the Gazette of India, Extraordinary, Part II, Section 3, Sub-section (i) *vide* notification number G.S.R. 590(E), dated the 2nd June, 1989 and lastly amended *vide* notification number G.S.R. 289(E), dated the 13th April, 2023.

Uploaded by Dte. of Printing at Government of India Press, Ring Road, Mayapuri, New Delhi-110064
and Published by the Controller of Publications, Delhi-110054. MANOJ KUMAR VERMA Digitally signed by MANOJ KUMAR VERMA Date: 2023.05.02 15:08:02 +05'30'